# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૨૩ એપ્રિલ, ૨૦૨૬




# નડિયાદની હોમગાર્ડ કચેરીમાં 'નકલી' મતદાન મથક ઉભું કરવા મદ્દે વિવાદ

**પૂંઠાનું બુથ બનાવી** જવાનો પાસે સામૂહિક મતદાન કરાવ્યાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ




(પ્રતિનિધિ) નડિયાદ તા.22

ખેડા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટની કચેરીમાં જ ગેરકાયદેસર રીતે નકલી મતદાન મથક ઉભું કરીને હોમગાર્ડના જવાનો પાસે ચોક્કસ પક્ષની તરફેણમાં સામૂહિક મતદાન કરાવવામાં આવતું હોવાની ગંભીર ઘટના સામે આવી છે. લોકશાહીના પર્વમાં સરકારી તંત્રનો દુરુપયોગ કરી ચૂંટણી પ્રક્રિયા સાથે છેડછાડ કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના ઉમેદવારોએ જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત ફરિયાદ કરી છે.

આ ઘટનાની વિગતો મુજબ, હોમગાર્ડ કમાન્ડન્ટ પ્રણવ સાગર દ્વારા કચેરીની અંદર જ પૂંઠામાંથી બનાવેલું કામચલાઉ બુથ અને મતપેટી તૈયાર કરી દેવામાં આવી હતી. જે હોમગાર્ડ જવાનોને ચૂંટણી ફરજ માટે ટપાલ મતપત્ર ફાળવવામાં આવ્યા હતા, તેમને નિયમ મુજબ ગુપ્ત રીતે મતદાન કરવાને બદલે અહીં અધિકારીઓની દેખરેખ હેઠળ મતદાન કરવા મજબૂર કરવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો થયા છે. આ ઘટનાની જાણ થતા જ કોંગ્રેસના ઉમેદવાર ચિરાગ પરીખ અને છાયાબેન પ્રજાપતિએ સ્થળ પર પહોંચી હોબાળો મચાવ્યો હતો. હાલ જિલ્લા વહીવટી તંત્ર આ મામલે હરકતમાં આવ્યું છે અને તપાસના આદેશ અપાય તેવી પુરેપુરી શક્યતા છે.

### ચૂંટણી પંચના નિયમોના ધજાગરા

ચૂંટણી પંચના નિયમો અનુસાર, ટપાલ મતપત્ર મેળવનાર કર્મચારીએ પોતાની પસંદગી મુજબ ગુપ્ત રીતે મતદાન કરી બેલેટ પેપર સીધું પોસ્ટ દ્વારા ચૂંટણી અધિકારીને મોકલવાનું હોય છે. આમ છતાં, હોમગાર્ડ કચેરીમાં આ આખી પ્રક્રિયાનું ઉલ્લંઘન કરી તમામ જવાનોના મત એકસાથે એકત્રિત કરવામાં આવ્યા હતા, જે કાયદાનું સરેઆમ ઉલ્લંઘન છે.

### ગેરકાયદે મથક પાછળ કોનું મગજ?

હોમગાર્ડ કચેરીમાં પૂંઠાની પેટી અને બુથ બનાવીને કરવામાં આવેલી કામગીરી પાછળ ઉચ્ચ અધિકારીઓના ઈશારા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. જવાનો પોતાના ઉપરી અધિકારીના દબાણ હેઠળ આ પ્રક્રિયામાં જોડાયા હોવાનું મનાય છે. આ સમગ્ર ગોઠવણ કયા પક્ષને ફાયદો કરાવવા માટે કરવામાં આવી હતી ? તપાસની માંગ ઉઠી છે.

## ઘરમાં આરામ કરી રહેલા લોકો ફફડી ઉઠ્યાં

# ડાકોર પંથકમાં 3.4ની તીવ્રતાના ભૂકંપનો આંચકો

**મોટા અવાજ સાથે** ધરતી ધ્રુજતા લોકો ઘરની બહાર દોડી આવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે બપોરે અચાનક ધરતીકંપનો આંચકો અનુભવાતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો હતો. બપોરે 4-35 કલાકે રિક્ટર સ્કેલ પર 3.4ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો, જેનો અહેસાસ ડાકોર સહિત કાલસર, આગરવા અને નેશ કાલસર જેવા ગામોમાં પણ થયો હતો.

સ્ત્રોતો અનુસાર, ભૂકંપ સમયે જમીનમાં જોરદાર ધ્રુજારીની સાથે મોટો અવાજ આવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘરમાં આરામ કરી રહેલા લોકો અને બજારમાં ખરીદી કરી રહેલા નાગરિકો પોતાના જીવ બચાવવા ખુલ્લા મેદાનો અને રસ્તાઓ પર દોડી આવ્યા હતા. આ કુદરતી પ્રકોપને કારણે પશુ-પંખીઓમાં પણ ગભરાહટ જોવા મળ્યો હતો.

સિસ્મોલોજી વિભાગના અહેવાલ મુજબ, આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ ડાકોર નજીક આવેલું વજેવાલ ગામ નોંધાયું છે. કેન્દ્ર બિંદુ નજીક હોવાથી આસપાસના વિસ્તારોમાં ધ્રુજારીની અસર વધુ તીવ્રતાથી વર્તાઈ હતી. આ ભૂકંપના કારણે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા માલસામાનના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી. વહીવટી તંત્ર દ્વારા આ ઘટના અંગે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે અને લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડાકોર પંથકમાં ભૂકંપના આચકાથી લોકો ફફડી ઉઠ્યાં હતાં. એટલે કે સુધી કે લોકો ઘર બહાર દોડી આવ્યાં હતાં. પરંતુ મોડે મોડે ટોળે વળેલાં લોકોએ રાજ્યમાં 25 વર્ષ પહેલા 26મી જાન્યુઆરીના રોજ આવેલા ભૂકંપની યાદ તાજી કરી હતી. અલબત્ત, આ ભૂકંપથી ખાસ કોઈ નુકશાન થયું નહતું.

# નડિયાદ મનપા ચૂંટણીના બેલેટ પેપરમાં છબરડો!

**વોર્ડ નં. 4ના અપક્ષ** ઉમેદવારના નિશાન વગર જ બેલેટ પેપર વહેંચી દેવાતા હોબાળો



(પ્રતિનિધિ) નડિયાદ તા.22

નડિયાદ મનપાની ચૂંટણી પ્રક્રિયામાં વહીવટી તંત્રની એક અત્યંત ગંભીર લાપરવાહી સામે આવી છે. વોર્ડ નંબર 4માં અપક્ષ ઉમેદવારનું ચૂંટણી નિશાન છાપ્યા વગર જ બેલેટ પેપર મતદારોને વહેંચી દેવામાં આવતા ભારે હોબાળો મચી ગયો છે. લોકશાહીના પર્વમાં ચૂંટણી નિશાન એ ઉમેદવારની મુખ્ય ઓળખ હોવા છતાં, તંત્ર દ્વારા કરવામાં આવેલા આ છબરડાને કારણે ઉમેદવાર અને તેમના સમર્થકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદ મનપાની વોર્ડ નંબર 4માં રિદ્ધિ સક્તાવત અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. આ વોર્ડમાં કુલ 66 મતદારો નોંધાયેલા છે, જેઓ બેલેટ પેપરથી મતદાન કરવાના છે. જ્યારે ચૂંટણી વિભાગ દ્વારા આ બેલેટ પેપર તૈયાર કરી વહેંચણી કરવામાં આવી, ત્યારે તેમાં રિદ્ધિ સક્તાવતના નામ સામે તેમનું ફાળવવામાં આવેલું નિશાન જ ગાયબ હતું. આ ભૂલ સામે આવતા જ ઉમેદવારે પોતાની મહેનત પર પાણી ફરી વળવાની ભીતિ સાથે તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા છે.

## અમદાવાદમાં ખાણી-પીણીનો સ્ટોલ ચલાવતા વેપારી સાથે છેતરપિંડી થઇ

# આણંદમાં લોન અપાવવાના બહાને મિત્રએ જ 8.50 લાખની ઠગાઈ કરી

**મિત્રએ 7 તોલા સોનું** અને કાર પચાવી પાડી મામાનો દીકરો ફરાર હોવાનું બહાનું બતાવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ શહેરમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં એક યુવકે પોતાના જ પરિચિત મિત્રને સોનાના દાગીના પર લોન અપાવવાની લાલચ આપી લાખો રૂપિયાની મતા પચાવી પાડી છે. સોનાના દાગીના અને કાર મળી કુલ 8.50 લાખની છેતરપિંડી આચરવામાં આવતા ભોગ બનનાર યુવકે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદમાં ખાણી-પીણીનો સ્ટોલ ચલાવતા નીરવભાઈ અમૃતલાલ ચાવડાને નાણાંની જરૂરિયાત હોવાથી તેમના મિત્ર મિતુલભાઈ રાજેશભાઈ પઢીયારે મદદ કરવાની ખાતરી આપી હતી.

આ અંગે મિતુલે જણાવ્યું હતું કે તેના મામાનો દીકરો 'ભયલુ' ધિરાણ અપાવશે. આ વિશ્વાસ પર નીરવભાઈએ અંદાજે 6 લાખની કિંમતના 7 તોલા સોનાના દાગીના લોન માટે આપ્યા હતા, જેના પર 4 લાખનું ધિરાણ મેળવ્યું હતું.

જોકે, થોડા સમય બાદ નીરવભાઈએ લોનના નાણાં પરત ચૂકવીને પોતાના દાગીના માંગ્યા ત્યારે મિતુલ પઢીયારે બહાનાબાજી શરૂ કરી હતી. વિશ્વાસ જીતવા માટે તેણે પોતાના અન્ય એક સંબંધી સિદ્ધરાજસિંહનો સંપર્ક કરાવી દાગીના પરત અપાવવાનો વાયદો કર્યો હતો. જોકે, બાદમાં "ભયલુ પૈસા લઈને ફરાર થઈ ગયો છે" તેમ કહી દાગીના પરત આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

આ છેતરપિંડીમાં કારનો સોદો પણ કારણભૂત બન્યો છે. નીરવભાઈની હોન્ડા સિટી કાર મિતુલ પઢીયારે 3.50 લાખમાં વેચાણથી રાખી હતી. નીરવભાઈએ પોતાની લોનની રકમ ભરી દીધી હોવા છતાં, મિતુલે દાગીના પરત કર્યા નહોતા અને કારના બાકી નીકળતા 2.50 લાખ પણ ચૂકવ્યા નહોતા.

આમ, સોનાના દાગીના અને કારની બાકી રકમ મળી કુલ 8.50 લાખની છેતરપિંડીનો અહેસાસ થતા નીરવભાઈએ આણંદ ટાઉન પોલીસમાં મિતુલ પઢીયાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

# ઉમરેઠમાં ખેલ સહાયક પરિણીતાને પતિનો ત્રાસ

**સુરેલીના પતિ સહિત** 5 સાસરિયાએ ઘરમાંથી કાઢી મૂકી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

ઉમરેઠ ખાતે ખેલ સહાયક તરીકે ફરજ બજાવતી પરિણીતાને દહેજ ભૂખ્યા સાસરિયાઓએ 'તારા બાપના ઘરેથી 5 લાખ લઈ આવ' તેમ કહી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ લુણાવાડા તાલુકાના ઢેસીયા ગામની ભાવનાબેન ભોઈના લગ્ન વર્ષ 2020માં ઉમરેઠ તાલુકાના સુરેલી ગામના હિતેશકુમાર વિઠ્ઠલભાઇ ભોઇ સાથે થયા હતા. લગ્નના શરૂઆતના સમયમાં સારી રીતે રાખ્યા બાદ, 'તને કામ આવડતું નથી' તેમ કહી નાની-નાની બાબતોમાં ઝઘડા શરૂ કરવામાં આવ્યા હતા. બાદમાં પતિ, સાસુ કૈલાસબેન, સસરા વિઠ્ઠલભાઇ અને દિયર-દેરાણીએ ભેગા મળી પરિણીતા પાસે ૫ લાખ રૂપિયાના દહેજની માંગણી કરી ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું.

પરિણીતાએ અગાઉ ભરણપોષણનો કેસ કર્યા બાદ સમાધાન થતાં તે ફરી સાસરે પરત ફરી હતી. જોકે, સાસરિયાઓએ ફરીથી ત્રાસ આપી 'અમે તને રાખવા માંગતા નથી' તેમ કહી તેને કાઢી મૂકી હતી. અંતે કંટાળીને પરિણીતાએ પતિ હિતેશકુમાર, સસરા વિઠ્ઠલભાઇ, સાસુ કૈલાસબેન તેમજ દિયર ઉમેશકુમાર અને દેરાણી ક્રિષ્નાબેન (તમામ રહે. સુરેલી, તા. ઉમરેઠ) વિરુદ્ધ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ચૂંટણીના માત્ર ચાર દિવસ અગાઉ જ અપાયા ફરજના ઓર્ડર અપાયાં

# ખેડામાં 500થી વધુ કર્મચારી મતદાનથી વંચિત રહે તેવો ભય

**પોસ્ટલ બેલેટની કોઈ** જોગવાઈ ન કરાતા કર્મચારીઓમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

ખેડા જિલ્લા ચૂંટણી વિભાગના અણઘડ વહીવટનો નમૂનો સામે આવ્યો છે, જેમાં ચૂંટણીના ગણતરીના દિવસો બાકી હોવા છતાં છેલ્લી ઘડીએ આરોગ્ય કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી છે. આ આદેશોને પગલે યોગ્ય આયોજનના અભાવે 500થી વધુ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે નહીં તેવી સ્થિતિ સર્જાતા કર્મચારીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

ખેડા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા 21મી એપ્રિલની મોડી સાંજે એકાએક જિલ્લાના આરોગ્ય કર્મચારીઓને ચૂંટણી ફરજ સોંપતો આદેશ જારી કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે ચૂંટણી ફરજ બજાવતા કર્મચારીઓ માટે સપ્તાહ અગાઉ જાણ કરી બેલેટ પેપરથી મતદાનની વ્યવસ્થા કરવાની હોય છે, પરંતુ અહીં છેલ્લી ઘડીએ ઓર્ડર અપાતા આજે યોજાયેલા બેલેટ પેપર મતદાનમાં આ કર્મચારીઓ માટે કોઈ જોગવાઈ રાખવામાં આવી ન હતી.

આ ગંભીર છબરડાને કારણે, અન્ય જિલ્લાઓમાંથી ખેડામાં ફરજ બજાવવા આવતા અથવા આંતર તાલુકાઓમાં નોકરી કરતા કર્મચારીઓ માટે મતદાનના દિવસે પોતાના વતન જઈને વોટ આપવો અશક્ય બની જશે.

એક તરફ ચૂંટણી પંચ વધુમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતિ અભિયાન ચલાવી રહ્યું છે, ત્યારે બીજી તરફ તંત્રની આ 'લાલિયાવાડી' અને ગંભીર બેદરકારીને કારણે મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓએ જ ફરજિયાતપણે મતદાનથી દૂર રહેવાનો વારો આવ્યો છે, જે ચૂંટણી વિભાગની નિષ્ફળતા છતી કરે છે.

ખેડા જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા કરાયેલા આ છબરડાંથી આરોગ્ય વિભાગમાં ગણગણાટ ઉભો થયો છે. જે અંગે પગલાં ભરવા માંગ ઉઠી છે.

# બાલાસિનોરમાં પિકઅપ ડાલાની ટક્કરે યુવકનું મોત

**સુરતથી મજૂરી કરી** વતન પરત ફરેલા 24 વર્ષીય આશાસ્પદ યુવકને કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.22

બાલાસિનોર તાલુકાના પાંડવા ગામ નજીક દેવ ચોકડીથી કડાછલા તરફ જતા માર્ગ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં સુરતથી મજૂરી કામ કરી વતન પરત ફરેલા ૨૪ વર્ષીય આશાસ્પદ યુવક પ્રદીપભાઈ પ્રભાતસિંહ બારીઆનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રદીપભાઈ ગઈકાલે જ સુરતથી પોતાના વતન આવ્યા હતા. તેઓ પોતાની બાઈક લઈને મિત્રોને મળવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન બાવલા તાબેના મુવાડા સ્ટેન્ડ પાસે સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા મહીન્દ્રા પિકઅપ ડાલાના (જીજે-27-ડીએમ-0178) ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે પ્રદીપભાઈને જમણા પગે અને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક બાલાસિનોર સીએચસી અને ત્યારબાદ વધુ સારવાર માટે વાત્રક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ કિશનકુમારે પિકઅપ ચાલક વિરુદ્ધ બાલાસિનોર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કઠલાલમાં સગીરા પર દૂષ્કર્મ કેસમાં યુવકને 25 વર્ષની કેદ

**શાળાની રિસેસમાં** પડીકાની લાલચ આપી 14 વર્ષની બાળકી પર દૂષ્કર્મ ગુજાર્યું હતું

(પ્રતિનિધિ) કપડવંજ તા.22

કઠલાલ પંથકમાં રહેતી અને શાળાએ જતી 14 વર્ષની માસૂમ સગીરાને ખાવાની વસ્તુની લાલચ આપી, પોતાના ઘરે લઈ જઈ અવારનવાર દુષ્કર્મ આચરવાના ચકચારી કેસમાં કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને કડક સજા ફટકારી છે. ન્યાયાધીશ કે.એસ. પટેલે 40 વર્ષીય આરોપી રાજુભાઈ રોહિતને દોષિત ઠેરવી 25 વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે.

ખેડા જિલ્લાના કઠલાલના બદરપુર રોહિતવાસમાં રહેતા 40 વર્ષીય રાજુભાઈ કાળીદાસ રોહિતે ગત 20 ઓગસ્ટ 2025 થી 6 સપ્ટેમ્બર 2025 દરમિયાન આ જઘન્ય અપરાધ આચર્યો હતો. જ્યારે 14 વર્ષની સગીરા શાળાની રિસેસમાં બહાર આવતી, ત્યારે આરોપી તેને ખાવાના પડીકાની લાલચ આપી ફોસલાવીને પોતાના મકાનમાં લઈ જતો હતો. સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની મરજી વિરુદ્ધ વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ અત્યાચારનો આખરે ભાંડો ફુટ્યો હતો અને મામલો કઠલાલ પોલીસ મથક પર પહોંચ્યો હતો. જ્યાં પોલીસે સમગ્ર મામલા અંગે ગુનો નોંધી રાજુની ધરપકડ કરી જરૂરી પુરાવા એકત્ર કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું. આ કેસ કપડવંજ સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો.

આ અંગે સરકારી વકીલ મિનેષ પટેલે કોર્ટમાં 22થી વધુ પુરાવા રજૂ કરતા દલીલ કરી હતી કે, આરોપીએ બાળકીની અપરિપક્વતાનો લાભ લઈ વિશ્વાસઘાત અને બળજબરી કરી છે, જેની બાળકીના ભવિષ્ય પર ઘાતક અસર પડી શકે છે. કોર્ટે તમામ પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી આરોપીને પોક્સો એક્ટ હેઠળ 25 વર્ષની સશ્રમ કેદ અને 5000 રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ 2019 અંતર્ગત પીડિતાના પુનર્વસન માટે 5 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે.

# ચારૂસેટ હોસ્પિટલમાં માત્ર 950 ગ્રામના શિશુને નવજીવન મળ્યું

**મધ્યમવર્ગીય** પરિવારના અધૂરા માસે જન્મેલા બાળકની નિ:શુલ્ક સારવાર કરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.22

ચાંગા સ્થિત ચારૂસેટ હોસ્પિટલમાં આધુનિક તબીબી ટેકનોલોજી અને તબીબોની કુશળતા એકસાથે જોવા મળી હતી. ચારૂસેટ હોસ્પિટલમાં અત્યંત ગંભીર હાલતમાં આવેલા 950 ગ્રામના નવજાત શિશુને તબીબોએ 47 દિવસની સખત જહેમત બાદ નવું જીવન આપ્યું છે.

ખંભાતની ખાનગી હોસ્પિટલમાં 28મી ફેબ્રુઆરી 2026ના રોજ પાયલબેન મહેશભાઈ રાવલની ડિલિવરી સાતમા માસે (અધૂરા માસે) થતા બાળકની સ્થિતિ નાજુક હતી. જન્મ સમયે બાળકનું વજન માત્ર 950 ગ્રામ હતું અને ફેફસાં અલ્પવિકસિત હોવાથી તેને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ હતી. વધુ સારવાર માટે તેને તાત્કાલિક




ચારૂસેટ હોસ્પિટલના નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં વેન્ટિલેટર સપોર્ટ પર ખસેડવામાં આવ્યું હતું.

બાળરોગ નિષ્ણાતો ડો. હાર્દિક ગુપ્તા અને ડો. મહિમા પટેલના માર્ગદર્શન હેઠળ મેડિકલ અને નર્સિંગ સ્ટાફ દ્વારા 24 કલાક સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. 47 દિવસની સારવાર બાદ બાળકની તબિયતમાં નોંધપાત્ર સુધારો થયો અને તેનું વજન વધીને 1.700 કિલોગ્રામ થતા તેને સ્વસ્થ હાલતમાં રજા આપવામાં આવી હતી. આ સફળતા ગ્રામીણ વિસ્તારમાં વિશ્વસ્તરીય સારવાર પૂરી પાડવાની હોસ્પિટલની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### આયુષ્માન યોજના આશીર્વાદરૂપ બની

ખંભાતના મધ્યમવર્ગીય પરિવાર માટે આટલી લાંબી અને ખર્ચાળ સારવાર આર્થિક રીતે પડકારજનક હતી. પરંતુ ચારૂસેટ હોસ્પિટલમાં આ બાળકની સંપૂર્ણ સારવાર આયુષ્માન ભારત યોજના હેઠળ તદ્દન નિ:શુલ્ક કરવામાં આવી હતી. બાળકના માતા-પિતાએ હોસ્પિટલના સ્ટાફ અને આ સરકારી યોજનાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**